# ગારિયાધારના બે શખ્સોની સુરત પોલીસે કરી અટકાયત : રૂા.૧.૨૮ કરોડનું જોબવર્ક કૌભાંડ

## ૧૦ એમ્બ્રોડરી કારખાનેદારો સાથે ઉઠમણું આચરનાર મૂળ ગારિયાધારના નયન નારોલા અને યુગ ભૂત જેલહવાલે

ભાવનગર,તા.૩૧

સુરતના સરથાણા વિસ્તારમાં એમ્બ્રોડરી જોબવર્કના નામે ૧૦ કારખાનેદારો સાથે ૧.૨૮ કરોડની ઠગાઈ આચરવાના ગુનામાં ગારિયાધાર પંથકના બે આરોપીઓને સુરત સરથાણા પોલીસે ઝડપી લીધા છે.

ઘટનાની વિગત મુજબ, સરથાણાના શિવ કેમ્પસમાં ઓફિસ ધરાવતી ત્રિપુટીએ હેલી ફેશનના માલિક પ્રકાશભાઈ ગોયાણી સહિત ૧૦ એમ્બ્રોડરી કારખાનેદારો પાસે શરૂઆતમાં સમયસર ચુકવણું કરી વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ ?૧.૨૮ કરોડનું જોબવર્ક કરાવી ગોડાઉનને તાળા મારી ત્રિપુટી ફરાર થઈ ગઈ હતી.

આ મામલે સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે દરોડો પાડી કૌભાંડમાં સામેલ મૂળ ગારિયાધાર તાલુકાના માંગુકા ગામના નયન અશોક નારોલા (ઉં.વ. ૨૬) અને ગારિયાધારના યુગ તુષાર ભૂત (ઉં.વ. ૨૭)ની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તળાજામાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાશે 'તાલુકા સ્વાગત' કાર્યક્રમ

ભાવનગર,તા.૩૧

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ગ્રામ્ય અને તાલુકા કક્ષાના પ્રશ્નોના નિવારણ માટે આગામી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ મામલતદાર કચેરી, તળાજા ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' યોજાશે.

આ કાર્યક્રમમાં રજૂઆત કરવા ઈચ્છતા અરજદારોએ ૧૦ સપ્ટેમ્બર સુધીમાં જરૂરી પુરાવા અને મોબાઇલ નંબર સાથેની અરજી મામલતદારશ્રીને મોકલવાની રહેશે. અરજદારે અગાઉ સંબંધિત કચેરીમાં અરજી કરેલી હોય અને તે પડતર હોય તેવા જ પ્રશ્નો સ્વીકારાશે.

કાર્યક્રમમાં અરજદારે રૂબરૂ હાજર રહેવાનું રહેશે અને સામૂહિક, સર્વિસ મેટર કે કોર્ટ મેટર સિવાયના એક જ વિષયને લગતા પ્રશ્નોની રજૂઆત કરી શકાશે.

# મહુવામાં ઈનામી ડ્રોની ગેરકાયદે સ્કીમ ચલાવતા ૨ ઝડપાયા, ૪ સામે ગુનો દાખલ

## ટિકિટો, ૨૭ હજારની રોકડ અને મોબાઈલ જપ્ત; યુટ્યુબ ચેનલ દ્વારા લોકોને આકર્ષતા વિંછિયાના બે આયોજકો સામે કાર્યવાહી

ભાવનગર,તા.૩૧

મહુવામાં ઈનામી ડ્રોની લોભામણી સ્કીમ ચલાવી લોકો સાથે છેતરપિંડી આચરતા રેકેટનો મહુવા પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે જુની સરકારી હોસ્પિટલના દરવાજા પાસેથી ટિકિટોનું વેચાણ કરતા રવિન્દ્ર જેન્તિભાઈ મકવાણા (રહે. ગાધકડા બજાર, મહુવા)ને બાતમીના આધારે ઝડપી લીધો હતો. પોલીસે રવિન્દ્ર પાસેથી ઈનામી ડ્રો યોજનાની ૧૪૦ અણવેચાયેલી ટિકિટો, ૯૫ વેચેલી ટિકિટોની પહોંચ, ?૨૭,૦૦૦ રોકડા અને મોબાઈલ જપ્ત કર્યો હતો. તેની સઘન પૂછપરછમાં આ ટિકિટો મિતુલ કાનાભાઈ પરમાર પાસેથી લાવી હોવાની કબૂલાત કરી હતી. જેને પગલે પોલીસે મિતુલ પરમારની પણ અટકાયત કરી હતી. મિતુલની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, વિંછિયાના આયોજકો સંજય ચૌહાણ અને દિલિપ પ્રજાપતિ યુટ્યૂબ ચેનલ મારફતે લોકોને ઈનામી ડ્રો માટે આકર્ષિત કરતા હતા અને તેમની પાસેથી ટિકિટો મેળવીને રવિન્દ્રને વેચવા આપતો હતો. પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ધ પ્રાઈઝ ચીટ એન્ડ મની સર્ક્યુલેશન સ્કિમ (બેનિંગ) એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બોરતળાવ પાસે વિકસિત વોકવે પર ઉગી નીકળ્યા ઝાડી ઝાંખરા





ભાવનગરમાં કોર્પોરેશન દ્વારા લગભગ દરેક તળાવ ફરતે વૉકવે એટલે કે ચાલવાની જગ્યા બનાવવામાં આવે છે, જેથી કરીને લોકો આ સ્થળ પર સારી રીતે ચાલી શકે અને ત્યાં બેસવા માટે બાકડા પણ મુકવામાં આવે છે. પણ બોરતળાવનાં પાછળના ભાગે લાખોના ખર્ચે વૉકવે બનાવવામાં આવ્યો છે પણ આ જગ્યાની ઉપેક્ષા કરી હોય, યોગ્ય જાળવણીનાં અભાવે અહીં જ્યાં ત્યાં ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા છે. જો સ્થળ પર યોગ્ય મરામત કરી આ ઝાડી દૂર કરવામાં આવે તો સ્થળની સુંદરતામાં વધારો જોવા ચોક્કસ મળશે અને લોકોને મળતી એક સુવિધામાં વધારો થશે.

# અનીડામાં 55.77 લાખનો દારૂ ઝડપાયાના કેસમાં ઢસાના PI એમ.ડી. પંચાલ સસ્પેન્ડ

## ફરજમાં કદરકારી બદલ રાજકોટ હેડક્વાર્ટર ખાતે બદલી કરાઈ, ગઢડા PIને સોંપાયો વધારાનો ચાર્જ

ભાવનગર,તા.૩૧

ઢસા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના અનીડા ગામની સીમમાંથી એકાદ મહિના પહેલા સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાડવામાં આવેલ દરોડા મામલે સ્થાનિક પોલીસ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. રૂ. ૫૫.૭૭ લાખનો વિદેશી દારૂ તથા મુદ્દામાલ જીસ્ઝએ ઝડપી લેતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા હતા. આ સમગ્ર પ્રકરણમાં ફરજ પ્રત્યેની ગંભીર બેદરકારી અને નિષ્કાળજી બદલ ઢસાના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) એમ.ડી. પંચાલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. સસ્પેન્શન દરમિયાન તેમની રાજકોટ હેડક્વાર્ટર ખાતે બદલી કરી દેવામાં આવી છે. જ્યારે ઢસા પોલીસ સ્ટેશનનો વધારાનો હવાલો ગઢડાના PIને સોંપવામાં આવ્યો છે.

# નારી ચોકડી પાસે બિનવારસી કારમાંથી દારૂની ૪૬ બોટલ ઝડપાઈ

ભાવનગર,તા.૩૧

ભાવનગરના નારી ચોકડી નજીક ખોડિયાર હોટલ પાસે પડેલી એક શંકાસ્પદ કારમાંથી વરતેજ પોલીસે દરોડો પાડીને વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે.

મળતી બાતમીના આધારે વરતેજ પોલીસે સ્થળ પર પહોંચી કાર (GJ-03-CR-5576)ની તલાશી લેતા તેમાંથી ?૭,૮૨૦ની કિંમતની વિદેશી દારૂની ૪૬ બોટલો મળી આવી હતી. આ મામલે પોલીસે કાર અને દારૂનો જથ્થો કબજે કરી કારના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બીલા ગામે ઘાસ કાપવા બાબતે દંપતી પર માતા-પિતાનો હુમલો

ભાવનગર,તા.૩૧

જેસર તાલુકાના બીલા ગામે વાડીના શેઢેથી ખડ (ઘાસ) કાપવાની નજીવી બાબતે પુત્ર અને તેની પત્ની પર પોતાના જ માતા-પિતાએ હુમલો કરી માર માર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ખુટવડા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

બીલા ગામે રહેતા હરેશભાઈ વલ્લભભાઈ મકવાણાની દીકરીએ તેમના પિતા વલ્લભભાઈના ખેતરના શેઢેથી ઘાસ વાઢ્યું હતું. આ બાબતનું મનદુ:ખ રાખી હરેશભાઈના પિતા વલ્લભ મકવાણા અને માતા મુક્તાબેન મકવાણાએ કુહાડી તથા લાકડી વડે હરેશભાઈ અને તેમની પત્ની પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. આ સાથે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવ અંગે હરેશભાઈની ફરિયાદના આધારે ખુટવડા પોલીસે તેમના જ માતા-પિતા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ટ્રાફિક ઈ-મેમો સહિત વિવિધ કેસોનો લોક અદાલતમાં લવાશે નિવેડો

## ભાવનગરમાં ૧૨ સપ્ટેમ્બરે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

હવનગર,તા.૩૧

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભાવનગર દ્વારા તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ભાવનગર ખાતે 'રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવનગર ખાતે કાર્યરત તમામ અપીલ અદાલતો તેમજ સિનિયર તથા જુનિયર સિવિલ અદાલતો અને તાલુકા કક્ષાની વિવિધ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે.

આ લોક અદાલતમાં પ્રિ-લિટિગેશન તથા કોર્ટમાં પેન્ડિંગ કેસોનું સમાધાનકારી રીતે નિરાકરણ લાવવામાં આવશે. લોક અદાલતમાં પી.જી.વી.સી.એલ., નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ (ચેક રિટર્ન), બેન્ક સંબંધિત કેસો, મોટર અકસ્માત વળતર કેસો, લગ્ન વિષયક કેસો, રેવન્યુ કેસો, જમીન સંપાદનના વળતર સંબંધિત કેસો તેમજ લોક અદાલતને યોગ્ય અન્ય કેસોનો સમાવેશ કરવામાં આવશે.

ભાવનગર શહેરની જાહેર જનતાને ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવતા ઈ-મેમો અંગે પણ મહત્વપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. નિયમ મુજબ ઈ-મેમોનું સમાધાન કરીને દંડ ભરવા માટેની સુવિધા અંગે લોકોને જાણ કરવામાં આવી છે. કોર્ટમાં કેસ દાખલ થયા વિના પ્રિ-લિટિગેશન તબક્કે જ આવા ઈ-મેમોના કેસોનું નિરાકરણ થઈ શકે તે માટે લોક અદાલતનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત સાયબર ક્રાઈમના ગુનામાં ભોગ બનેલા અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ કાર્યવાહીથી જેમની રકમ ફ્રીઝ કરવામાં આવી છે, તે રકમ પરત મેળવવા માટેની અરજીઓ પણ તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ની લોક અદાલત સમક્ષ રજૂ કરી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આવી રકમ પરત મેળવવા ઈચ્છતા અરજદારોને જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવાની અપીલ કરવામાં આવી છે.

ભાવનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફૂલ ટાઈમ સચિવ તેજ પ્રતાપસિંઘ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, ઝડપી અને સંતોષકારક રીતે વિવાદોનું સમાધાન મેળવવા માટે રાષ્ટ્રીય લોક અદાલતનો વધુમાં વધુ લાભ લે. લોક અદાલત અંગે વધુ માહિતી મેળવવા ઈચ્છતા નાગરિકો જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, ભાવનગર તથા તાલુકા કાનૂની સેવા સત્તા સમિતિનો સંપર્ક કરી શકે છે.

# ભાવ. મંડળની ૩ જોડી સ્પેશિયલ ટ્રેનોને કાયમી કરવાના બદલે ફેરા લંબાવાયા

## ટ્રેનોમાં ભીડ રહેવા છતાં કારમી કરવામાં રેલ તંત્રના અખાડા, યાત્રિઓકોને ગજવે વધારાના ભાડાનો ભાર

ભાવનગર,તા.૩૧

મુસાફરોની વધતી માંગ, સુવિધા અને તહેવારો દરમિયાન ભીડના યોગ્ય વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળમાંથી પસાર થતી ત્રણ જોડી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા નવેમ્બર ૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠી મુજબ, ભાવનગર–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ (૦૯૨૦૮/૦૯૨૦૭) હવે ૨૬ અને ૨૭ નવેમ્બર સુધી ચાલશે. વેરાવળ–હરિદ્વાર સ્પેશિયલ (૦૯૨૦૩/૦૯૨૦૪) ૨૦ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર સુધી અને ભાવનગર–શકૂર બસ્તી સ્પેશિયલ (૦૯૨૫૭/૦૯૨૫૮) ૧૬ ઓક્ટોબરથી ૨૮ નવેમ્બર સુધી સેવા આપશે.

મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યુ કે આ નિર્ણયથી રેલ મુસાફરોને સુવિધાયુક્ત મુસાફરીનો લાભ મળતો રહેશે. આ તમામ લંબાવાયેલી સ્પેશિયલ ટ્રેનો માટે ટિકિટનું એડવાન્સ બુકિંગ ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૬થી રેલવે આરક્ષણ કેન્દ્રો અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય અને સ્ટોપેજ અંગેની અદ્યતન વિગતો રેલવેની સત્તાવાર વેબસાઈટ અથવા NTES એપ પરથી મેળવી શકાશે.

# રાજકોટમાં યોજાયેલ DGP કપ બાસ્કેટબોલ ટૂર્નામેન્ટમાં ભાવનગર રેન્જની ટીમ ચેમ્પિયન બની

## ફાઈનલ મુકાબલામાં SRP આર્મ યુનિટને ૬૯-૫૮થી માત આપી, જય ગોહિલ અને ટીમનું શાનદાર પ્રદર્શન

ભાવનગર,તા.૩૧

રાજકોટ ખાતે ૨૮ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન યોજાયેલ ડીજીપી કપ બાસ્કેટબોલ ટૂર્નામિન્ટમાં ભાવનગર રેન્જની ટીમે સુંદર દેખાવ કરીને ચેમ્પિયનશિપની ટ્રોફી પોતાના નામે કરી છે.

લીગ ફોર્મેટમાં આયોજિત આ સ્પર્ધાના ભાઈઓ અને બહેનોના વિભાગમાં કુલ ૯ ટીમોએ (પુરુષોની ૬ અને મહિલાઓની ૩) ભાગ લીધો હતો. ભાઈઓના વિભાગમાં શાનદાર પ્રદર્શન કરી ભાવનગર રેન્જ અને SRP આર્મ યુનિટની ટીમ ફાઈનલમાં પહોંચી હતી. રવિવારે રમાયેલા ફાઈનલ મુકાબલામાં રસાકસી બાદ ભાવનગર રેન્જની ટીમે SRP આર્મ યુનિટની ટીમને ૬૯-૫૮ના સ્કોરથી હરાવી વિજય મેળવ્યો હતો. ભાવનગર રેન્જની ટીમ તરફથી જય ગોહિલ, યુવરાજસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ ઝાલાએ ઉત્કૃષ્ટ રમત દાખવીને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાના સમાપન બાદ વિજેતા અને રનર્સઅપ ટીમોને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સાળંગપુર કષ્ટભંજનદેવને શિવજીની થીમનો અલૌકિક શણગાર કરાયો



સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર સ્થિત શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આજે સોમવારના રોજ વિશેષ ભક્તિમય આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના ગર્ભગૃહમાં 'શિવલિંગ થીમ' પર આધારિત દિવ્ય શણગાર યોજાયો હતો.દાદાને વિશેષ રુદ્રાક્ષની માળાઓ, વાઘામ્બર, મસ્તક પર અર્ધચંદ્ર તેમજ ત્રિશૂળ, ડમરૂ અને "નમઃ શિવાય" અંકિત વાઘા ધારણ કરાવી સાક્ષાત્ શિવસ્વરૂપ આપવામાં આવ્યું હતું. ગર્ભગૃહને શિવલિંગ, ત્રિપુંડ અને ત્રિશૂળની ભવ્ય આકૃતિઓથી સજાવવામાં આવ્યું હતું.જેના પ્રત્યક્ષ અને ઓનલાઈન દર્શન કરી હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત, શ્રાવણ માસ દરમિયાન અહીં આવેલા શ્રી નિલકંઠ મહાદેવ મંદિરે પવિત્ર બ્રાહ્મણો દ્વારા દરરોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી વિશેષ શિવપૂજન હાથ ધરવામાં આવશે.

# સિહોર ખાતે કાલથી ત્રી-દિવસીય ભવ્ય શિવ મહોત્સવ રગંત જમાવશે :વિડીયો સોંગ લોન્ચ

## ડમરૂના નાદ ગજાવી શિવ યાત્રા છે આવી નવનાથની યાત્રા આવી હાલો.હેતે વધાવીએ..

સિહોર,તા.૩૧

આવતીકાલ તા ૧ થી ૩-૯-૨૬ સુધી સિહોરના આંગણે ભવ્યાતિ ભવ્ય શિવ મહોત્સવનું આયોજન ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેવાના છે સાથે સાથે મંત્રી મંડળ તથા ધારાસભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં ત્યારે ગુજરાત રાજ્ય રમત ગમત યુવા સાંસ્કૃતિક વિભાગના સહયોગથી ત્રીદિવસીય ભવ્ય શિવ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સિહોર નગરપાલિકા દ્વારા






રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં નગરપાલિકા પ્રમુખ જાગૃતિબેન રાઠોડના હસ્તે વડલા ચોક ખાતે વિડિઓ સોંગ લોન્ચ કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે સિહોરની ધરોહર એવા ઐતિહાસિક સ્થળો,નવનાથ મહાદેવ મંદિરો તથા સાધુ સંતોની વિશેષ ઉપસ્થિતિમાં આ સોંગની રચના કરવામાં આવી હતી અને આ સોંગ વડલા ચોક ખાતે વિશાળ LED સ્કીનમાં જિલ્લા ભાજપા મહામંત્રી ગેમાભાઈ ડાંગર,જિલ્લા ઉપપ્રમુખ રાકેશભાઈ છેલાણા,શહેર પ્રમુખ નિલેશભાઈ જાની, શહેર મહામંત્રી હરદેવભાઈ વાળા,હેડલી શાહ,જિલ્લા યુવા પ્રમુખ રવિભાઈ બારૈયા,કા.ચેરમેન જીમીબેન રાણા,નગરપાલિકા ઉપ પ્રમુખ હંસાબેન પરમાર,પૂર્વ પ્રમુખો, રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો,વિવિધ સંસ્થાઓ, કાર્યકરો, ધર્મજાગરણ સમિતિના તુષારભાઈ દવે,નાગજીભાઈ સહિતના સભ્યો,નગરપાલિકા ચૂંટાયેલા સભ્યો,સ્ટાફ,તથા શિવભક્તોની ઉપસ્થિતિમાં નગરપાલિકા પ્રમુખ જાગૃતિબેન રાઠોડના હસ્તે લોન્ચ કરવામાં આવ્યું હતું ગાયક કલાકાર દીપ જોષી મહારાજ, પિયુદાન ગઢવી,લેખક પિયુદાન ગઢવી,સંગીત આયુ રેકોર્ડ મનુ ભાનુશાળી તથા વિડિઓ તુષાર પાઠક દ્વારા બનાવવામાં આવેલ અને આ સોંગમાં મંત્રોચાર સાથે ધાર્મિક સ્થળોને આવરી લેવામાં આવ્યા છે ,સાધુ સંતો,તથા હોદેદારો તથા નગરજનોને સમાવિષ્ઠ કરી સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# દેવેનભાઈ શેઠના દીકરા વેદાંત શેઠે મિત્ર સાથે સર કરી આફ્રીકાની છત

## માઉન્ટ કિલિમંજારો ૧૯૩૪૦ ફૂટની ઉંચાઈએ ઉહુહુ યાક પર લહેરાવ્યો તિરંગો






ભાવનગર,તા.૩૧

સાહસ, સંકલ્પ અને અડગ આત્મવિશ્વાસના બળે શેઠ બ્રધર્સ પરિવારના દેવેનભાઈ શેઠના પુત્ર વેદાંત શેઠ અને તેના મિત્ર કરણસિંહ ચુડાસમાએ આફ્રિકા ખંડના સર્વોચ્ચ પર્વત માઉન્ટ કિલિમંજારોનું સફળતાપૂર્વક આરોહણ કરીને ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.તાંઝાનિયામાં આવેલું માઉન્ટ કિલિમંજારો વિશ્વનું સૌથી ઊંચું સ્વતંત્ર રીતે ઊભેલું પર્વત (Wrold's Tallest Free-Standing Mountain) છે. સમુદ્ર સપાટીથી ૫,૮૯૫ મીટર (૧૯,૩૪૧ ફૂટ)ની ઊંચાઈ ધરાવતું તેનું સર્વોચ્ચ શિખર ઉહુરુ પીક (Uhuru Peak) તરીકે ઓળખાય છે.

કરણસિંહ ચુડાસમા અને વેદાંત શેઠે પડકારજનક લેમોશો રૂટ પરથી સાત દિવસની કઠિન ટ્રેકિંગ પૂર્ણ કરીને ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ઉહુરુ પીક પર સફળતાપૂર્વક પહોંચીને ભારતનો તિરંગો લહેરાવ્યો.આ અભિયાન દરમિયાન બંનેએ કિલિમંજારોના વિવિધ ભૂપ્રદેશો અને બદલાતા હવામાનનો પડકારજનક અનુભવ કર્યો. શરૂઆતમાં ગાઢ અને ભેજવાળા રેઈનફોરેસ્ટમાંથી પસાર થયા બાદ તેઓ શિરા ઝોનના વિશાળ અને પવનભર્યા પ્રદેશમાં પહોંચ્યા. ઊંચાઈ વધતાં ઠંડી, તીવ્ર પવન અને ઓક્સિજનની ઘટતી માત્રા જેવા પડકારોનો પણ સામનો કરવો પડ્યો. અહીયા ખાસ એ જણાવવાનું કે રૈન ફોરેસ્ટ, બાદ મુર લેન્ડ (લાવાની માટીવાળી જમીન) ત્યારબાદ અલ્પાઇન ફોરેસ્ટ (ઠંડીથી બનતું રણ) અને ત્યારબાદ આર્કટિક ઝોન (અત્યંત ઠંડી વાળો સૂકા પવન ના વિસ્તાર) જેવા વિવિધ વાતાવર માં પણ દ્રઢ મનોબળ જાળવી રાખી ને સતત ઊંચાઈ પર પહોંચતા ગયા. આરોહણ દરમિયાન શિરા પીક, સ્ટેલા પોઈન્ટ અને અંતે ઉહુરુ પીક સુધી પહોંચવાનો અનુભવ બંને માટે વિશેષ રહ્યો. ખાસ કરીને સ્ટેલા પોઈન્ટથી ઉહુરુ પીક સુધીનું અંતિમ ચઢાણ અત્યંત પડકારજનક હતું. ઓછી ઓક્સિજન, કડકડતી ઠંડી, તીવ્ર પવન અને સતત ચઢાણ વચ્ચે પણ બંનેએ અડગ મનોબળ સાથે આગળ વધીને અંતે ૫,૮૯૫ મીટરની ઊંચાઈએ 'આફ્રિકાની છત' પર પગ મૂક્યો.

ઉહુરુ પીક પર પહોંચીને ભારતનો તિરંગો લહેરાવવાની ક્ષણ બંને માટે અત્યંત ગૌરવપૂર્ણ અને ભાવનાત્મક રહી. આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સાહસનું પરિણામ નથી, પરંતુ સંકલ્પ, શિસ્ત, ટીમવર્ક, ધીરજ અને 'હાર ન માનવાની' ભાવનાની પ્રેરણાદાયી ગાથા પણ છે૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ૫,૮૯૫ મીટરની ઊંચાઈએ ઉહુરુ પીક પર તિરંગા સાથે ઊભા રહેવાની આ ઐતિહાસિક ક્ષણ બંને માટે જીવનભરની અમૂલ્ય યાદ બની રહી છે.સાહસીક અને સંસ્કારી પુત્ર માટે દેવેન શેઠ અને પરિવારજનોએ ગૌરવ અનુભવ્યું છે.

# ભાવનગરની દીકરીને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે રક્ષાબંધન ઉજવણીની સાંપડેલી તક

## પીએમ શ્રી મોડેલ સ્કૂલ શામપરાની ધોરણ-૯ની વિદ્યાર્થીની જેન્સીએ ભાવનગરનું ગૌરવ વધાર્યું

ભાવનગર,તા.૩૧

રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુની ઉપસ્થિતિમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વિશેષ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભાવનગરની પી એમ શ્રી મોડેલ સ્કૂલ શામપરાની ધોરણ-૯ની વિદ્યાર્થીની ડાંગર જેન્સી હરેશભાઈએ સહભાગી થઈને સમગ્ર ભાવનગર જિલ્લાનું નામ રોશન કર્યું છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિશ્રીએ વિદ્યાર્થીઓને પ્રેમ, સ્નેહ અને પર્યાવરણના રક્ષણનો સંદેશ આપતા વૃક્ષોને રાખડી બાંધી તેમના સંવર્ધનનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.

દેશના ૧૭ રાજ્યોમાંથી પસંદ થયેલા ૮૯ વિદ્યાર્થીઓ માટે આ ખાસ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત જેન્સી સહિતના



વિદ્યાર્થીઓએ પ્રધાનમંત્રી સંગ્રહાલય, અમૃત ઉદ્યાન અને નેશનલ સાયન્સ સેન્ટર જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. આ યાદગાર સિદ્ધિ બદલ શાળાના આચાર્ય ડો. પ્રકાશભાઈ રાઠોડ અને સમગ્ર શાળા પરિવારે જેન્સીને અભિનંદન પાઠવ્યા હતા.

# શીતળા સાતમે ઘોઘા રોડ મોટા શીતળા માતાજીના મંદિરે ભાતીગળ મેળો યોજાશે

## દર્શનાર્થીઓની વ્યવસ્થા જાળવવા કંટ્રોલરૂમ ઉભો કરાશે, વેપારીઓ પાસે કોઈપણ ફાળો ન લેવાની સમિતિની જાહેરાત

ભાવનગર,તા.૩૧

ભાવનગર શહેરના ઘોઘા રોડ ખાતે આવેલા મોટા શીતળા માતાજીના મંદિરે આવનારી શીતળા સાતમે, તારીખ ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભાતીગળ લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.

ભક્તોને દર્શનમાં કોઈ અગવડ ન પડે તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'શ્રી શીતળા સાતમ મહોત્સવ સેવા સમિતિ' દ્વારા ખાસ કંટ્રોલરૂમ ઊભો કરવામાં આવશે. આ સમગ્ર આયોજન અને દર્શન વ્યવસ્થાને સફળ બનાવવા સમિતિના પ્રમુખ ઉદય મકવાણા, ઉપપ્રમુખ ભરત મોણપરા, ચંદુ મેર, અનંત ભટ્ટ, હિતેન્દ્ર ભટ્ટ, અનિલસિંહ ગોહિલ સહિતના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.




પ્રમુખ ઉદય મકવાણાએ સ્પષ્ટતા કરી છે કે આ ભાતીગળ લોકમેળામાં સમિતિ કે મંદિર ટ્રસ્ટ દ્વારા નાના-મોટા વેપારીઓ કે ફેરીયાઓ પાસેથી કોઈપણ પ્રકારનો ફંડ -ફાળો લેવામાં આવતો નથી, જેની સર્વે વેપારીઓએ ખાસ નોંધ લેવી.

# સ્વ. મુકેશજીની સ્મૃતિમાં 'ગોલ્ડન વોઈસ ઓફ મુકેશ' રાજેન્દ્ર ઓઝાનો મ્યુઝિકલ શો યોજાયો

## ૭૪ વર્ષની ઉંમરે ૨૭ ગીતો ગાઈ રાજેન્દ્ર ઓઝાએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા, અમી અંડવીયા અને શૈલા મહેતાનો સૂરિલો સાથ

ભાવનગર,તા.૩૧

ભાવનગરમાં શનિવારે રાત્રે મહાન ગાયક સ્વ. મુકેશજીની સ્મૃતિમાં એક મ્યુઝિકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'ગોલ્ડન વોઈસ ઓફ મુકેશ' તરીકે જાણીતા લેજન્ડ રાજેન્દ્ર ઓઝાએ મુકેશજીના ૨૭ જેટલા લોકપ્રિય ગીતોની અદ્ભુત રજૂઆત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

મુકેશજીની કારકિર્દીના શરૂઆતી દોરથી લઈને વિવિધ દાયકાઓમાં બદલાતા સ્વરોની આબેહૂબ પ્રસ્તુતિ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહી હતી. ૭૪ વર્ષની વયે પણ રાજેન્દ્ર ઓઝાએ સુર, લય અને તાલની જાળવણી સાથે સંગીતપ્રેમીઓની ભારે દાદ મેળવી હતી.



આ કાર્યક્રમમાં સાથી ગાયિકાઓ અમી અંડવીયા અને શૈલા મહેતાએ યુગલગીતોમાં ઉત્કૃષ્ટ સાથ આપ્યો હતો, જ્યારે જયેશભાઈ દવેએ ગીતોનું રસપ્રદ અને માહિતીસભર સંચાલન કરીને કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા હતા.

# શિશુવિહાર ખાતે મળી 'બુધસભા'ની ૮૬મી બેઠક

## પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણાએ 'આનંદમય જીવન અને શાંતિપૂર્ણ નાગરિકત્વ' પર પ્રેરક વક્તવ્ય આપ્યું

ભાવનગર,તા.૩૧

શિશુવિહાર સંસ્થા દ્વારા આયોજિત અને અશ્વિનભાઈ શ્રોફના સૌજન્યથી સંસ્થાના બુધસભા હોલ ખાતે 'બુધસભા'ની ૮૬મી બેઠક ઉત્સાહભેર યોજાઈ ગઈ.

કાર્યક્રમની શરૂઆત ડો. પ્રકાશભાઈ રાજપુરા દ્વારા "ઓમ તત્સત શ્રી નારાયણ તું" પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ શારીરિક સત્રમાં જાનવીબેન અંધારીયાએ ઉપસ્થિત સહુને પ્રાણાયામ તેમજ ૧૦૮ રામ/ગરબા તાળીની કસરતો કરાવી હતી. બૌદ્ધિક સત્રમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પૂર્વ સાંસદ રાજેન્દ્રસિંહ રાણાએ નાગરિકત્વ અને આનંદમય જીવન વિષય પર સંબોધન કરતા જણાવ્યું હતું કે, જીવનમાં શાંત રહી, ધીમા પડીને અને આરામદાયક ક્ષેત્રમાં રહીને જીવવાથી સાચી શાંતિ મળે છે. સર્જનાત્મક સત્રમાં રમેશભાઈ ગોહિલે વડીલો માટે રંગપૂરણી અને ચિત્રકામ અંગેની ઉપયોગી ટિપ્સ આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. પ્રકાશભાઈ રાજપુરાએ કર્યું હતું, જ્યારે શિશુવિહાર પરિવાર તરફથી રોબર્ટભાઈ ફર્નાન્ડીઝ અને હીનાબેન ભટ્ટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# શહેર અને જિલ્લામાં પોલીસના દારૂના ૩ દરોડામાં ચાર ઝડપાયા

## ખારશી, આખલોલ જકાતનાકા અને દયાળ ગામેથી દારૂની કુલ ૩૧ બોટલો જપ્ત

ભાવનગર,તા.૩૧

ભાવનગર શહેર અને જિલ્લામાં પોલીસે દેશી-વિદેશી દારૂના વેચાણ અને હેરાફેરી સામે કડક કાર્યવાહી હાથ ધરી છે.

ભરતનગર પોલીસે ખારશી વિસ્તારમાં તરસમિયા રોડ પાસેથી રાકેશ કાંતિભાઈ મકવાણાને દારૂની ૩ બોટલો સાથે ઝડપી લીધો હતો. જ્યારે બોરતળાવ પોલીસે આખલોલ જકાતનાકા હનુમંત ફ્લેટ પાસેથી બાતમી આધારે વિજય મનસુખભાઈ મહેતા અને કમલ ભુપેન્દ્રભાઈ ખીચીને વિદેશી દારૂની ૬ બોટલો સાથે ગિરફ્તાર કર્યા હતા. બીજી તરફ, મહુવા તાલુકાના દયાળ ગામે દાઠા પોલીસે દરોડો પાડી અશોક ઉર્ફે ડોડી મગનભાઈ ચૌહાણને વિદેશી દારૂની ૨૨ બોટલો સાથે પકડી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો તળાજાના જૂના રાજપરામાં રહેતા નરેશ જગુભાઈ મકવાણાએ આપ્યો હોવાની કબૂલાત મળતાં પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂના કોટડામાં પ્રેમલગ્નના મનદુ:ખમાં વૃદ્ધ દંપતી પર ધારીયા વડે હુમલો

## પોત્રના પ્રેમલગ્નથી નારાજ શખ્સે ઘરમાં ઘૂસી તોડફોડ કરી ગંભીર ઈજા પહોંચાડી, હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો

ભાવનગર,તા.૩૧

ભાવનગર તાલુકાના જૂના કોટડા ગામે પ્રેમલગ્નની અદાવતમાં એક શખ્સે વૃદ્ધ દંપતી પર ધારીયા વડે મારી નાખવાના ઈરાદે જાનલેવા હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટના અંગે વેળાવદર ભાલ પોલીસ મથકમાં હત્યાના પ્રયાસ (આઈપીસી/બીએનએસ) સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

બનાવની વિગત મુજબ, જૂના કોટડા ગામે રહેતા ગેલાભાઈ તળશીભાઈ પરમારે ગામના જ પ્રવિણ શાંતિભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી છે. ગેલાભાઈના પૌત્ર સુનિલે ગત તા. ૧૯-૦૮ના રોજ પ્રવિણભાઈના ભાઈની દીકરી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. આ વાતનું મનદુઃખ રાખી અદાવતમાં પ્રવિણ રાઠોડ ધારીયું લઈને ગેલાભાઈના ઘરે ધસી આવ્યો હતો.

આરોપીએ ગેલાભાઈ તથા તેમના પત્ની પર ધારીયા વડે તીક્ષ્ણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત આરોપીએ ઘરના દરવાજા તથા છતના નળિયામાં પણ તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. આ મામલે વેળાવદર ભાલ પોલીસે ગુનો નોંધી આરોપી સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વલભીપુર ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ દ્વારા ઈનામ વિતરણ, છાત્ર સન્માન સમારોહ યોજાયો

## ૮૩૦ તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન, સાંસદની ઉપસ્થિતિમાં નીકળી વિશાળ રેલી

વલભીપુર,તા.૩૧

વલભીપુર તાલુકા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ દ્વારા ભવ્ય અને ગરિમાપૂર્ણ 'વિદ્યાર્થી સન્માન સમારોહ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના ૮૩૦ તેજસ્વી વિદ્યાર્થીઓને નોટબુક, સ્કૂલ બેગ તેમજ આકર્ષક મોમેન્ટો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે રાજ્યસભાના સાંસદ અને ગીર સોમનાથના વતની માનસિંહભાઈ પરમારનું વલભીપુર કારડીયા રાજપૂત સમાજ ભવન ખાતે સાફો પહેરાવીને ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ત્યાંથી કાર્યક્રમ સ્થળ સુધી ખુલ્લી જીપમાં એક વિશાળ રેલી યોજાઈ હતી, જે વલભીપુરના મુખ્ય બજારમાંથી પસાર થઈ સભાસ્થળે પહોંચી હતી.સમારોહમાં મુખ્ય દાતા જયરાજસિંહ સોલંકી તથા કિટના દાતા ભગીરથસિંહ અનોપસિંહ સોલંકીનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. આ ઉપરાંત, વિદેશથી સ્મ્જી પૂર્ણ કરી હ્વસ્ઈ પરીક્ષા પાસ કરનાર અને ભારત સરકારની એજન્સી દ્વારા પસંદગી પામેલા ડૉ.મોહિતસિંહ મોરી, સરકારી નોકરી મેળવનાર પ્રતિભાઓ, તાલુકા-નગરપાલિકાના



તસવીર : ધર્મેન્દ્રસિંહ સોલંકી

ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પત્રકાર મિત્રોનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલભીપુર કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ ભુપતસિંહ પરમાર, વિકાસ મંડળના પ્રમુખ નારણભાઈ મોરી, સમાજ અગ્રણી અભયસિંહ ચૌહાણ, વલભીપુર તાલુકા પંચાયતના પ્રમુખ આશાબા જયદેવસિંહ હાડા, અને સુરત શહેર કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ દિલીપસિંહજી ઉદયસિંહજી પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં તાલુકાભરમાંથી મોટી સંખ્યામાં વાલીઓ, માતા-બહેનો, વડીલો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ઈનામ વિતરણ કાર્યક્રમની આભાર વિધિ જામસંગભાઈ મોરી દ્વારા કરવામાં આવી હતી.

# જેસરના કોટામોઈ ગામે વાડીની ફરતે મૂકેલા વીજ કરંટથી મહિલાનું મોત

## વાડી માલિક સામે પોલીસે ગુનો નોંધ્યો

ભાવનગર,તા.૩૧

જેસર તાલુકાના કોટામોઈ ગામે વાડીની ફરતે બાંધેલા લોખંડના તારમાં મુકાયેલા ગેરકાયદે વીજ કરંટના કારણે એક મહિલાનું કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવ અંગે ખુટવડા પોલીસ મથકમાં વાડી માલિક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, કોટામોઈ ગામે રહેતા દિનેશભાઈ કવાડના પત્ની રાત્રિના સમયે કુદરતી હાજતે ગયા બાદ પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. સવારે ગામના રમુ ભીમજીભાઈ લક્કડની વાડીની ફરતે બાંધેલા લોખંડના તાર પર તેઓ મૃત હાલતમાં મળી આવ્યા હતા.

વાડીમાં પશુ-પ્રાણીઓ કે માણસનું મોત થઈ શકે છે તે જાણવા છતાં વીજ શોક મુકનાર વાડી માલિક રમુ લક્કડ સામે દિનેશભાઈની ફરિયાદના આધારે ખુટવડા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ડે. સ્ટેશન સુપ્રિન્ટેન્ડેન્ટની સતર્કતાથી રેલ યાત્રીને મોબાઈલ પરત મળ્યો

ભાવનગર,તા.૩૧

ભાવનગર મંડળના ચુડા સ્ટેશન પર પશ્ચિમ રેલવેના ડેપ્યુટી સ્ટેશન સુપ્રિન્ટેન્ડેન્ટ રાકેશ કુમારે ઈમાનદારી અને સતર્કતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.૩૦ ઓગસ્ટના રોજ ગાડી નંબર ૫૯૨૩૪માં મુસાફરી કરી રહેલા ભરતભાઈ ચુડા સ્ટેશન પર પાણી પીવા ઉતર્યા ત્યારે તેમનો મોંઘો મોબાઈલ ફોન ટાંકી પાસે રહી ગયો હતો. ફરજ પર તૈનાત રાકેશ કુમારને આ ફોન મળતા જ તેમણે તાત્કાલિક પોતાની પાસે સુરક્ષિત રાખ્યો હતો. ત્યારબાદ જરૂરી ચકાસણી કરીને ફોન તેના સાચા માલિક ભરતભાઈને સોંપ્યો હતો.પોતાનો મોબાઈલ સહીસલામત પરત મળતા મુસાફરે રાકેશ કુમારની ઈમાનદારી અને રેલવે તંત્રની ત્વરિત કામગીરીનો આભાર માન્યો હતો.

અનુ.પાના ૮નું શરૂ...

## તળાજાના સાંકડાસર ગામે

પ્રવીણભાઈના ડાબા હાથે ઘા મારી દીધો હતો. જ્યારે નાજુ ઉંડવીએ લોખંડના પાઈપથી આડેધડ માર માર્યો હતો અને બે અજાણ્યા શખ્સોએ તેમને પકડી રાખ્યા હતા. બનાવ સમયે પ્રવીણભાઈના કાકાનો છોકરો ભાર્ગવ અને ભત્રીજો જયદીપ ત્યાં આવી જતા અને દેકારો મચાવતા હુમલો અટક્યો હતો. જતા-જતા હુમલોખોરોએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત પ્રવીણભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તળાજાની સદવિચાર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પ્રવિણભાઈએ ફરિયાદ નોંધાવતા તળાજા પોલીસે BNS કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જન્મદિન શુભેચ્છા

### નાનકડી પરી નવ્યાનો આજે જન્મ દિવસ



રાજુલા સ્થિત ડૉ.પંક્તિબેન અને કશ્યપભાઈ ત્રિવેદીની લાડલી દીકરી નવ્યાનો આજે ૩૧ ઓગસ્ટને સોવરે જન્મ દિવસ છે ભાવનગર સ્થિત શિક્ષણવિદ અને બ્રહ્મસમાજના અગ્રણી સંજયભાઈ રાવલ અને કલ્પનાબેન રાવલની દોહિત્રી અને મહર્ષિ રાવલની લાડકી ભાણી નવ્યાને જન્મ દિવસ પરિવારના આશીર્વાદ અને શુભકામના સહ કરવામાં આવશે.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૦૧/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૭/૧૧/૧૯૭૩**

**શ્રી જમાલભાઈ રજાકભાઈ શેખ,**
**રહે. ભાવસાર સમાજની વાડીની બાજુમાં, પાળીયાધાર, વડવા,**
**ભાવનગર. મો-૯૯૨૫૮૯૩૨૭૬**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જમાલભાઈ રજાકભાઈ શેખએ તેમના ભાઈ રહીમભાઈ રજાકભાઈ સંજડા નો જન્મ તા.૧૭/૧૧/૧૯૭૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**ભાવનગર મહાનગરપાલિકા,**
**સર મંગળસિંહજી રોડ, કાળાનાળા પાસે, ભાવનગર.**
**એસેસમેન્ટ વિભાગ**

ઘરવેરા ના વોર્ડ:-૦૬(નવાપરા -તખતેશ્વર) વિસ્તારમાં સમાવિષ્ટ મિલકતોના રી-સર્વે આકરણી સામે વાંધાઓ રજુ કરવાની મુદત વધારવા બાબતની

**જાહેર નોટીસ**

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ધ જી.પી.એમ.સી. એક્ટ ના પ્રકરણ -૮ ની અનુસુચિ (ક) ની કલમ -૨૧ અન્વયે પુર્ણ કરવામાં આવેલ ઘરવેરાના વોર્ડ :- ૦૬(નવાપરા-તખતેશ્વર) વોર્ડ ની રી-સર્વે ની આકારણી સામે સબંધિત મિલકત ધારકોને કોઈ વાંધો હોઈ તો તે તાઃ-૩૧-૦૮-૨૦૨૬ સુધીની સમય-મર્યાદા માં રજુ કરવા ૧૦-૦૭-૨૦૨૬ ની જાહેર નોટીસથી જાણ કરવામાં આવેલ જે મુદતમાં વધારો કરતા અંતિમ તારિખઃ-૩૦/૦૯/૨૦૨૬ સુધીની સમય મર્યાદા નક્કી કરવામાં આવે છે. જે ધ્યાને લઈ સબંધીત મિલકત ધારકોએ ભાવનગર મહાનગરપાલીકા ની મુખ્ય કચેરી ના ચોથા માળે એપેલેટ વિભાગનો રૂબરૂ સંપર્ક કરી, નિયત નમુનામાં વાંધા-અરજી રજુ કરવાની રહેશે .આ વોર્ડના ખુલ્લા પ્લોટ, બંધ મિલકત સહિતની તમામ મિઅલકતના મિલકત ધારકોને, આકરણીની નોટીસ કે સર્વે ફોર્મ મેળવવાના બાકી હોય, તેઓએ એસેસમેન્ટ વિભાગનો સંપર્ક કરવો. ઉક્ત સમય-મર્યાદા બાદ આવેલ કોઈપણ વાંધા- અરજી સ્વીકારવામાં કે ધ્યાને લેવામા આવશે નહિ જેની સંબંધકર્તા તમામે ખાસ નોંધ લેવાની રેહેશે.

**તા. ૩૦/૦૮/૨૦૨૬**

**સહી.(અવાચ્ય),**
**કમિશ્નરશ્રી,**
**ભવાનગર મહાનગરપાલીકા,**

**માહિતી-ભાવ-૫૮૮-૨૬**

CMYK CMYK



# રેન્જ IG રાજેન્દ્ર અસારી એક્શનમાં: ત્રણ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ક્રાઈમ કોન્ફરન્સ શરૂ

ભાવનગર,તા.૩૧

ભાવનગરમાં બહુચર્ચિત નકલી દારૂકાંડ (લઠ્ઠાકાંડ) માં ૧૩ લોકોના કરુણ મોત નીપજયા બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આ ગંભીર ઘટનાને પગલે ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર અસારીની અધ્યક્ષતામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને તાકીદની ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાના જિલ્લા પોલીસ વડા (SP), નાયબ પોલીસ અધીક્ષક (DySP), સ્થાનિક ગુના શોધક શાખા તથા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ના પોલીસ ઈન્સ્પેક્ટરો સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા છે.મળતી માહિતી મુજબ, આ બેઠકમાં ત્રણેય



તસવીર : ધવલ વાજા

જિલ્લાઓમાં ચાલી રહેલી દારૂની હેરાફેરી અને દેશી-વિદેશી દારૂના વેચાણ સહિતની તમામ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક અને નક્કર કાર્યવાહી કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. ભાવનગર રેન્જ આઈજી દ્વારા તમામ અધિકારીઓને દારૂ સહિતની અસામાજિક પ્રવૃત્તિઓ પર તાત્કાલિક અંકુશ લાવવા અને ગુનાખોરી ડામવા માટે આકરા પગલાં ભરવાની કડક સૂચનાઓ આપવામાં આવે તેવી પૂર્ણ શક્યતા છે.આ ઉપરાંત, ત્રણેય જિલ્લામાં અત્યાર સુધીની પોલીસ કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી રહી છે. લઠ્ઠાકાંડ બાદ યોજાયેલી રેન્જ આઈજીની આ બેઠક પર હાલ સમગ્ર પોલીસ બેડા તેમજ સામાન્ય જનતાની ખાસ નજર મંડાયેલી છે.

# તળાજા-મહુવામાં 5000થી વધુ રત્નકલાકારોની 8 દિવસથી હડતાલ: કલેક્ટર પાસે મધ્યસ્થીની માંગ

**ભાવવધારો અને લેબર કાયદાના અમલ મુદ્દે 'ડાયમંડ વર્કર યુનિયન' દ્વારા આવેદન પત્ર; માંગણીઓ નહીં સંતોષાય તો હીરાઉદ્યોગ સંપૂર્ણ બંધ કરવાની ચીમકી**





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૩૧

ભાવનગર જિલ્લાના તળાજા અને મહુવા તાલુકામાં કામ કરતા ૫,૦૦૦થી વધુ રત્નકલાકારો છેલ્લા ૮ દિવસથી મજૂરી દરોમાં વધારો કરવા અને વિવિધ પડતર પ્રશ્નો ઉકેલવા અંગે શાંતિપૂર્ણ રીતે હડતાલ પર ઉતર્યા છે. આ મામલે 'ડાયમંડ વર્કર યુનિયન ગુજરાત' દ્વારા ભાવનગર જિલ્લા કલેક્ટર ડો. મનીષ કુમારને લેખિત રજૂઆત કરી તાત્કાલિક ધોરણે મધ્યસ્થી કરવાની માંગ કરવામાં આવી છે.

યુનિયનદ્વારા કલેક્ટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે પ્રાઈવેટ સ્કૂલની ફી, પેટ્રોલ, અનાજ, તેલ અને ખાંડ જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે, પરંતુ રત્નકલાકારોના વેતનમાં કોઈ વધારો કરાતો નથી. હીરાઉદ્યોગમાં મંદીના સમયે વેતન કાપી લેવાય છે અને ગેરકાયદે રીતે છૂટા કરાય છે, પરંતુ તેજીના સમયે તેનો લાભ કારીગરોને અપાતો નથી. આર્થિક સંકટના કારણે છેલ્લા બે વર્ષમાં ૮૦થી વધુ રત્નકલાકારોએ આત્મહત્યા કરી લીધી હોવાનો ગંભીર આક્ષેપ પણ કરાયો છે.

અગાઉ મહુવા-તળાજાના મામલતદાર, પ્રાંત અધિકારી અને ભાવનગર લેબર ડેપ્યુટી કમિશનરને રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી.

લેબર વિભાગની બેઠકમાં કારખાનેદારોએ બે દિવસનો સમય માગ્યા બાદ પણ કોઈ નિર્ણય લીધો નથી. આ ઉપરાંત, ફેક્ટરી માલિકો દ્વારા રોકડેથી પગાર ચૂકવી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાનો અને લઘુત્તમ વેતન ધારાનો ભંગ કરવાનો આક્ષેપ પણ કરાયો છે.

રત્નકલાકારોએ મુખ્યત્વે મોંઘવારી મુજબમજૂરી તથા ફિક્સ પગારમાં ૩૦% નો વધારો કરવા અને દર મહિનાની ૭ તારીખ સુધીમાં નિયમ મુજબ પગાર ચૂકવવાની મુખ્ય માંગણીઓ કરી છે. યુનિયને ચીમકી આપી છે કે જો આ વાજબી માંગણીઓનો ઉકેલ નહીં આવે તો લોકશાહી ઢબે તળાજા અને મહુવાનો હીરાઉદ્યોગ સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. આ આવેદનપત્રાની નકલો રાજયપાલ, હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, શ્રમ અને રોજગાર મંત્રી, માનવ અધિકાર આયોગ તેમજ સંબંધિત ઉચ્ચ અધિકારીઓને પણ રવાના કરવામાં આવી છે.

# બોળચોથની ઉજવણી સાથે શ્રાવણી તહેવારોનો પ્રારંભ

## આવતીકાલે નાગ પંચમી નિમિતે શહેરના કુંભારવાડા સ્થિત શરમાળીયા દાદાના મંદિરે ભરાશે લોકમેળો

ભાવનગર,તા.૩૧

ભગવાન શિવજીની આરાધનાનો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ત્યારે આજથી આખું અઠવાડિયું તહેવારોની વણઝાર શરુ આજે સોમવારે બોળ ચોથથી તહેવારની શરૂઆત થઈ છે.ભાવનગરમાં જેની બહેનો દ્વારા ગાયોની પૂજા-અર્ચના સાથે ઉજવણી કરી હતી. હવે કાળથી કાલથી નાગ પાંચમ, રાંધણ છઠ, શીતળા સાતમ અને જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરાશે.

આજે સંકટ ચતુર્થી અને બોળ ચોથની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરાઈ છે. આજના દિવસે મહિલાઓ બાજરીનો રોટલો અને મગ ખાઈને સંધ્યાટાણે એકટાણું કરે છે. આ વ્રતનો મુખ્ય ઉદ્દેશ વર્ષ દરમિયાન જાણતા-અજાણતા થયેલા ગૌમાતાના પાપોમાંથી ક્ષમા-યાચના માગવાનો છે. તેમજ બારેમાસ દૂધ આપતી ગાય માતાનો ઋણ ઉતારવાનો છે. બોળચોથ વિશે બે પૌરાણિક કથાઓ પ્રસિદ્ધ છે. ઘઉંલાની કથા .પૌરાણિક કહેવત મુજબ આ દિવસે સાસુ રાંધે અને વહુ ખાય છે. ગોહિલવાડ બહેનોએ આસ્થાભેર બોળચોથના વ્રતની ઉજવણી કરી વાર્તા સાંભળી હતી.

શ્રાવણી પર્વની શૃંખલામાં આવતીકાલે નાગ પ્રતિમાની ઉજવણી કરવામાં આવશે.આ વર્ષે નાગ પાંચમના રોજ કુમાર યોગ, અમૃત સિદ્ધિ યોગ જેવા શુભ યોગ બની રહ્યા છે. આ દિવસે નાગ દેવતાની પૂજા કરવામાં આવે છે, જેમાં નાગની પ્રતિમા પર દૂધ ચઢાવી, મગ, કુલેર અને શ્રીફળ ધરાવવા જોઈએ. માન્યતાઓ અનુસાર ખેતરમાં રહેલા ઊભા પાકની નાગ દેવતા પૂજા કરે છે. જેથી ક્યારેક જાણતા-અજાણતા તેમને ઈજા કે નુકસાન પહોંચ્યું હોય તો આ ઋણમાંથી મુક્તિ મેળવવાનો દિવસ છે. જે જાતકોની કુંડળીમાં કાલસર્પ યોગ હોય, તેઓ બ્રાહ્મણો દ્વારા પૂજા કરાવે છે. આ દિવસે સૌભાગ્યવતી મહિલાઓ જીવંતિકા વ્રત રાખે છે.જયારે બુધવારે રાંધણછઠની ઉજવણી કરાય છે.જેમાં બહેનો શીતળા સાતમ માટે થાણું ભોજન બનાવે છે.અને તે ઠંડુ ભોજન શીતળા સાતમના દિવસે પરિવાર આરોગે છે. શહેરના ઘોઘારોડ તથા કુંભારવાડા ખાતે ખાતે શીતળા સાતમના દિવસે શીતળા માતાજીના મેળા ભરાશે, બહેનો દ્વારા શીતળા માતાજીની પૂજા અર્ચના કરવામાં આવશે. અને શુક્રવારે ભાવનગર શહેર તથા ગોહિલવાડ પંથકમાં જન્માષ્ટ્રમી પર્વની ઉજવણી કરવામાં આવશે ભાવનગર શહેરમાં જવાહરમેદાન ખાતે મહાપાલિકા દ્વારા જન્માષ્ટ્રમી મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આમ લોકો આજથી શ્રાવણી તહેવારોની મજા માણવા સજ્જ થયા છે.

# મસ્તરામબાપા મંદિર પાસે એક્ટિવા સ્લીપ થતાં પરપ્રાંતીય સગીરનું મોત

## બોરતળાવ પોલીસ મથકમાં મૃતક સગીરના પિતાની ફરિયાદ

ભાવનગર,તા.૩૧


ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારમાં મસ્તરામ મંદિર રજવાડી પાન પાસે પૂરપાટ અને બેફિકરાઈથી એક્ટિવા ચલાવતા સમયે અચાનક સંતુલન બગડતા સ્કૂટર સ્લીપ થઈ જવાથી સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૬ વર્ષીય સગીરનું સારવાર દરમિયાન કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે સગીરના પિતાની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

ઉત્તર પ્રદેશના આજમગઢ જિલ્લાના રેન્દુવા ગામના વતની અને હાલ ખેત મજૂરી કરતા રામબ્રીક્ષ પુનવાસી સરોજના જણાવ્યા મુજબ, ગત ૨૮ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ સાંજના સુમારે તેમનો ૧૬ વર્ષીય પુત્ર રાજુ રામબ્રીક્ષ સરોજ તેના શેઠ સતિષભાઈ મકવાણાનું એક્ટિવા સ્કૂટર (નંબર GJ-04-EL-6042) લઈને નીકળ્યો હતો. તેની પાછળ રાજુ મનદેવ સરોજ બેઠો હતો અને એક્ટિવા સગીર રાજુ ચલાવી રહ્યો હતો.ચિત્રા મસ્તરામ મંદિર પાસે પહોંચતા ડ્રાઈવિંગ લાયસન્સ વગરના સગીરે વાહન બેફિકરાઈ અને ગફલતભરી રીતે ચલાવતા એક્ટિવાનું સંતુલન બગડ્યું હતું અને સ્કૂટર સ્લીપ થઈ જતાં રોડ પર પટકાયું હતું. આ અકસ્માતમાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના સ્થળેથી કોઈ સેવાભાવી નાગરિક દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા ઈજાગ્રસ્તોને ભાવનગરની સર ટી. હોસ્પિટલના એસ.આઈ.સી.યુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. બેભાન હાલતમાં સારવાર હેઠળ રહેલા રાજુનું ગત ૩૦ ઓગષ્ટના રોજ રાત્રે અવસાન થયું હતું.આ મામલે મૃતક સગીરના પિતાની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં મોટર વાહન અધિનિયમની કલમ ૩, ૧૭૭, ૧૮૪ તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૦૬(૧), ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબ કાયદેસરની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## 'સાંદીપનિ સેવા દિન' નિમિત્તે લીલા ગ્રુપ દ્વારા સર તખ્તસિંહજી હોસ્પિટલમાં દર્દીઓને ટિફિન વિતરણ કરાયું

# પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના પ્રાગટ્ય દિવસે ભાવનગરમાં દર્દીઓને ભોજન સેવાનો પ્રકલ્પ








**પોરબંદર સ્થિત સાંદીપનિ વિદ્યાનિકેતન સંસ્થાના પ્રણેતા, પરમ ભાગવત કથાકાર અને રાષ્ટ્રીય સંત પૂજય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનો પ્રાગટ્ય દિવસ પ્રતિવર્ષ 'સેવા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. એ જ પરંપરા અંતર્ગત આજે સોમવારના રોજ પોરબંદર, ગુજરાત તેમજ દેશ-વિદેશમાં અનેક આધ્યાત્મિક અને સામાજિક કાર્યક્રમો સાથે પૂજ્ય ભાઈશ્રીનો ૭૦મો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ પાવન પ્રસંગે ભાવનગરમાં પણ માનવસેવાનો પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો હતો. ભાવનગર સ્થિત લીલા ગ્રુપ ઓફ કંપનીના ચેરમેન કોમલકાંત શર્મા દ્વારા 'સાંદીપનિ સેવા દિન' અંતર્ગત શહેરની સર તખ્તસિંહજી (સર ટી.) હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ માટે ભોજન સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય અંતર્ગત ભાવનગર સદવિચાર સેવા સમિતિના માધ્યમથી લીલા ગ્રુપ દ્વારા હોસ્પિટલમાં દાખલ દર્દીઓને પૌષ્ટિક ટિફિનનું વિતરણ કરવામાં આવ્યું હતું.**

# શહેરમાં બુધવારથી યોજાશે 'જન્માષ્ટમી લોકમેળો'





તસવીર : ધવલ વાજા

**જવાહર મેદાન ખાતે ૨ થી ૪ સપ્ટેમ્બર સુધી મનોરંજન અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ: ૩૦,૦૦૦ ભૂલકાંઓને મફત રાઈડ્સ અને જાણીતા કલાકારોના ડાયરાનું આયોજન**

ભાવનગર,તા.૩૧

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે શહેરીજનો માટે ૧૫ વર્ષના લાંબા અંતરાલ બાદ જવાહર મેદાન ખાતે 'જન્માષ્ટમી લોકમેળો - ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ લોકઉત્સવ તારીખ ૨ થી ૪ સપ્ટેમ્બર દરમિયાન દરરોજ સાંજે ૬:૦૦ થી રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી યોજાશે, જેનો શુભારંભ તા. ૨ સપ્ટેમ્બરે સાંજે ૬ કલાકે થશે.

મેળામાં દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોકસાહિત્યની રમઝટ બોલશે, જેમાં બિરજુ બારોટ, ઉર્વશીબેન રાદડિયા, ભાવેશ સાંખલા અને અપેક્ષા પંડ્યા જેવા નામી કલાકારો પોતાના સૂર-તાલથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. આ ઉપરાંત, સ્વચ્છતા અને સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતી રંગારંગ કૃતિઓ રજૂ કરવામાં આવશે.

યુવાનો અને બાળકો માટે આકાશને આંબતી ચકરડીઓ અને રોમાંચક રાઈડ્સ વિશેષ આકર્ષણ જમાવશે. મનપા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના અંદાજે ૩૦,૦૦૦ જેટલા ભૂલકાંઓને તા. ૨ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન મેળામાં એક રાઈડ તદ્દન મફત કરાવવાનું ખાસ આયોજન કરાયું છે.

મેળામાં કુલ ૨૪ જેટલા સ્ટોલ્સ ઊભા કરાશે, જેમાં સ્વાદિષ્ટ વાનગીઓ માટે ફૂડ કોર્ટ, આર્ટ-ક્રાફ્ટના કલાત્મક સ્ટોલ્સ તેમજ 'લોકલ ફોર વોકલ'ને પ્રોત્સાહન આપવા સખી મંડળની બહેનોના ગૃહઉદ્યોગ અને હસ્તકળાના સ્ટોલ્સનો સમાવેશ થાય છે. આ સાથે મનપાના વિકાસકાર્યોની પ્રદર્શની અને મેડિકલ કેમ્પ પણ યોજાશે. પૂરતી પાર્કિંગ વ્યવસ્થા અને કડક સુરક્ષા વચ્ચે મેયર ઉષાબેન તલરેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કિશન મહેતા અને ધારાસભ્ય સેજલબેન પંડ્યા સહિતના પદાધિકારીઓએ તમામ શહેરીજનોને પરિવાર સાથે આ મેળો માણવા ભાવભીનું નિમંત્રણ પાઠવ્યું છે.

# તળાજાના સાંકડાસર ગામે બોલાચાલીની દાજ રાખીને યુવતીના પિતા પર હુમલો

## છરી અને પાઈપથી મારમારી ધમકી આપ્યાની ચાર શખ્સો સામે તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના સાંકડાસર ગામે દીકરી સાથે થયેલી બોલાચાલીની અદાવત રાખીને એક ઈસમ અને તેના સાથીદારોએ યુવાન પર છરી અને લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે પીડિત પિતાની ફરિયાદના આધારે તળાજા પોલીસ મથકે ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

તળાજા તાલુકાના સાંકડાસર ગામે રહેતા અને મજૂરી કામ કરતા પ્રવીણભાઈ મંગાભાઈ જાંબુચા (ઉ.વ. ૩૮) ની દીકરી રીધ્ધીને ગામના અરવિંદ ભૂપતભાઈ સોલંકીના ભાણા પૃથ્વી સાથે અગાઉ બોલાચાલી થઈ હતી. આ બાબતે પ્રવીણભાઈએ અરવિંદને ફોન કરી ઠપકો આપ્યો હતો. આ વાતની અદાવત રાખીને શોભાવડના વિપુલે પ્રવીણભાઈને ફોન પર ગાળો આપી સાંકડાસરના પાટિયા પાસે બોલાવ્યા હતા. જયારે પ્રવીણભાઈ ત્યાં પહોંચ્યા ત્યારે વિપુલ, નાજુ ઉંડવી અને અન્ય બે અજાણ્યા શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. વિપુલે ઉશ્કેરાઈને છરી વડે

(જુઓ પાનું ૬)≫

# લઠ્ઠાકાંડ: ૧૪ મુખ્ય આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં જેલહવાલે

ભાવનગર,તા.૩૧

ભાવનગરમાં ચર્ચિત ઝેરી કેમિકલ યુક્ત નકલી દારૂકાંડ (લઠ્ઠાકાંડ) કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. આ ગુનાહિત કાવતરામાં સામેલ મુખ્ય આરોપીઓ સહિત ૧૪ આરોપીઓની પોલીસ કસ્ટડીના રિમાન્ડની મુદત પૂર્ણ થતાં, અદાલતી પ્રક્રિયાના ભાગરૂપે તમામ આરોપીઓને સર તખ્તસિંહજી હોસ્પિટલ ખાતે મેડિકલ ચેકઅપ માટે લઈ જવામાં આવ્યા હતા. મેડિકલ તપાસ બાદ આરોપીઓને નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરાતાં અદાલતે તમામ



તસવીર : ધવલ વાજા

આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ જેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે.

આ કેસમાં તપાસ એજન્સી દ્વારા ઝડપાયેલા મુખ્ય ૧૩ આરોપીઓ અને તેમની ગુનાહિત ભૂમિકાની વિગતો જાહેર કરવામાં આવી છે. જેમાં મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લાના ઉચ્છાદ ગામના રહેવાસી આનંદ રાકેશભાઈ છાંડીની ઉજ્જૈન ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી, જેણે ઝેરી દારૂ બનાવવાનું મુખ્ય કેમિકલ પૂરૂં પાડી આ સમગ્ર ષડયંત્રમાં અગત્યની ભૂમિકા ભજવી હતી.

આ ઉપરાંત ભાવનગર અને આસપાસના વિસ્તારના અન્ય ૧૨ આરોપીઓ અરવિંદ ઉર્ફે પાંડે સોલંકી, સંજય મકવાણા, નિતીન ઉર્ફે મુના મોરી, કિશોર ઉર્ફે પોચો સોલંકી, મયુર સોલંકી, સંજય મોરી, મુકેશ ઉર્ફે કચોરી બારૈયા, સંજય ઉર્ફે ચકરમ બારૈયા, નિર્મલસિંહ વાઘેલા, પાર્થરાજસિંહ ગોહીલ, સંજય ચાવડા, અને ભાગીરથસિંહ ગોહિલ એ ઝેરી દારૂ મંગાવી, પોતાના કબ્જામાં રાખીને લોકો સુધી પહોંચાડવાની તથા વેચાણ કરવાની સપ્લાય ચેઈનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

આ ઝેરી દારૂના સેવનથી લોકોના જીવ જઈ શકે છે તે જાણવા છતાં આ રચાયેલા કાવતરામાં અત્યાર સુધીમાં કુલ ૨૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ, જીસ્ઝ ના ઉચ્ચ અધિકારી અનૈ ર ગગનદીપ ગંભીર પોતે ફરી ભાવનગર પહોંચી તપાસની કમાન સંભાળતા સ્થાનિક પોલીસ બેડામાં ભારે સન્નાટો અને ખળભળાટ વ્યાપી ગયો છે. જીસ્ઝ ની ટીમો દ્વારા અન્ય ફરાર આરોપીઓને પકડવા અને વધુ સજજડ પુરાવા એકત્ર કરવા કાર્યવાહી ચાલુ રખાઈ છે.

CMYK CMYK